# 15. આર્થિક વિકાસ

## સ્વાધ્યાય

### પ્રશ્ન 1: નીચેના પ્રશ્નોના ઉત્તર સવિસ્તર લખો:

#### (1) વિકાસશીલ અર્થતંત્રનાં કોઈપણ પાંચ લક્ષણો ચર્ચો.

- વિકાશશીલ અર્થતંત્રનાં મુખ્ય લક્ષણો નીચે મુજબ છે: (કોઈ પણ 5 લખવાં.)

- **1. નીચી માથાદીઠ આવક:**
  - → વિકાસશીલ અર્થતંત્ર ધરાવતા દેશોની રાષ્ટ્રીય આવક નીચી જોવા મળે છે, જ્યારે વસતી વૃદ્ધિનો દર વધુ હોવાથી માથાદીઠ આવક નીચી રહે છે.
  - → આથી લોકોનું જીવનધોરણ નીચું રહેવા પામે છે.

- **2. વસતી વૃદ્ધિ:**
  - → આ દેશોમાં **વસતી વધારો** વધુ જોવા મળે છે.
  - → આ દેશોમાં **વસતી વૃદ્ધિનો** વાર્ષિક દર 2% કે તેથી વધારે હોય છે.

- **3. કૃષિક્ષેત્ર પર અવલંબન:**
  - → વિકાસશીલ દેશોની ખેતી મુખ્ય આર્થિક પ્રવૃત્તિ હોય છે.
  - → દેશના 60% કરતાં પણ વધુ લોકો રોજગારી માટે ખેતી પર આધારિત હોય છે.
  - → દેશની રાષ્ટ્રીય આવકમાં પણ ખેતીનો ફાળો 25%ની આસપાસ હોય છે.

- **4. આવકની વહેંચણીની અસમાનતા:**
  - → આ દેશોમાં રાષ્ટ્રીય આવક તેમજ ઉત્પાદનનાં સાધનોની વહેંચણીમાં અસમાનતા જોવા મળે છે.
  - → આ અસમાનતા ગ્રામીણ અને શહેરી બંને વિસ્તારોમાં જોવા મળે છે.
  - → આમાં દેશના ટોચના 20% ધનિક લોકો રાષ્ટ્રીય આવકનો 40% હિસ્સો ધરાવતા હોય છે; જ્યારે તળિયાના 20% ગરીબ લોકો રાષ્ટ્રીય આવકનો 10% હિસ્સો ધરાવતા હોય છે.
  - → આ રાષ્ટ્રોમાં આવક અને સંપત્તિનું કેન્દ્રીકરણ ખૂબ અલ્પ સંખ્યાના લોકોમાં થયેલું હોય છે.

- **5. બેરોજગારી:**
  - → આ દેશોમાં બેરોજગારીનું પ્રમાણ કુલ શ્રમિકોના 3% કરતાં વધુ હોય છે.
  - → આ દેશોમાં બેરોજગારી જુદા જુદા સ્વરૂપે – જેવી કે મોસમી બેરોજગારી, છૂપી બેરોજગારી, ઔદ્યોગિક બેરોજગારી – જોવા મળે છે.
  - → આ બેરોજગારીનો સમયગાળો લાંબો હોય છે.

- **6. ગરીબી:**
  - → ગરીબી એ વિકાસશીલ દેશનું લક્ષણ છે.
  - → **જે લોકો પોતાની પ્રાથમિક જરૂરિયાતો જેવી કે અનાજ, કપડાં, રહેઠાણ, શિક્ષણ અને આરોગ્ય**

**વગેરે સંતોષી શકતા ન હોય તેને** ગરીબ ગણવામાં આવે છે.

→ આ દેશોમાં ગરીબ લોકોનું પ્રમાણ દેશની કુલ વસ્તીના લગભગ ત્રીજા ભાગ જેટલું હોય છે.

- **7. દ્વિમુખી અર્થતંત્ર:**

→ વિકાસશીલ દેશોમાં અર્થતંત્રનું સ્વરૂપ દ્વિમુખી છે. એક બાજુ ગ્રામવિસ્તારોમાં પછાત ખેતી પદ્ધતિ, જૂની યંત્રસામગ્રી, રૂઢિચુસ્ત સામાજિક માળખું, ઓછું ઉત્પાદન જોવા મળે છે. બીજી બાજુ શહેરી ક્ષેત્રમાં આધુનિક ઉદ્યોગો, નવી ઉત્પાદન પદ્ધતિ, આધુનિક યંત્રોનો તેમજ વૈભવી જીવનશૈલી જોવા મળે છે.

- **8. પાયાની અપર્યાપ્ત સેવાઓ:**

→ વિકાસ માટે અનિવાર્ય એવી પાયાની સગવડો જેવી કે શિક્ષણ, વાહનવ્યવહાર, સંદેશાવ્યવહાર, વીજળી, આરોગ્ય, બૅન્કિંગ વગેરેનો આવા અર્થતંત્રમાં ઓછો વિકાસ જોવા મળે છે, જે દેશના વિકાસ માટે અવરોધક છે.

- **9. આંતરરાષ્ટ્રીય વ્યાપારનું સ્વરૂપ:**

→ આ દેશો મુખ્યત્વે કૃષિપેદાશો, બગીચા-પેદાશો તેમજ કાચી ધાતુઓની નિકાસ કરે છે, જેની માંગ ઓછી હોય છે અને ભાવો નીચા હોય છે. પરિણામે તેમની નિકાસની કમાણી ઓછી હોય છે.

→ આ દેશો ઔદ્યોગિક પેદાશો અને યંત્રસામગ્રીની આયાત કરે છે, જેના ભાવો વધારે હોવાથી આયાતી ખર્ચ વધારે રહે છે.

### (2) જરૂરિયાતો અમર્યાદિત હોય છે - સમજાવો.

- માનવીની જરૂરિયાતો અસંખ્ય અને અમર્યાદિત છે. તેનો કદી અંત આવતો નથી અને સતત વધતી જાય છે.
- એક જરૂરિયાત સંતોષાય ત્યાં બીજી ઉદ્ભવે છે.
- ઘણી વાર જરૂરિયાતો વારંવાર સંતોષવી પડે છે.
- કેટલીક જરૂરિયાતો વિજ્ઞાન અને ટેકનોલૉજીના વિકાસને કારણે ઉદ્ભવે છે.
- દા.ત., જેને ચાલીને કામ પર જવું પડતું હોય તેને સાઇકલની જરૂરિયાત જણાય છે; પરંતુ સાઇકલ મળ્યા પછી તે સ્કૂટર મેળવવાની ઈચ્છા સેવે છે.
- જે મળે એનાથી અસંતુષ્ટ રહેવાની માનવીના સ્વભાવની આ લાક્ષણિકતાને કારણે મનુષ્યના જીવનના અંત સુધી તેની જરૂરિયાતોનો અંત આવતો નથી.
- માનવજીવનના વિકાસ સાથે જરૂરિયાતો સંતોષવાની રીતે બદલાતી જાય છે. પરિણામે માનવીની જરૂરિયાતોમાં વધારો થતો જાય છે.
- આમ, અનેક કારણોસર જરૂરિયાતો અમર્યાદિત બને છે.

### (3) બજારતંત્રની મર્યાદાઓની ચર્ચા કરો.

- બજારતંત્રની મર્યાદાઓ નીચે મુજબ છે:
- આ પદ્ધતિમાં નફાને કેન્દ્રમાં રાખીને ઉત્પાદન થતું હોવાથી મોજશોખની વસ્તુઓનું ઉત્પાદન વધારે થાય અને પ્રાથમિક જરૂરિયાતોનું ઉત્પાદન ઓછું થાય છે.

- રાજ્યની કોઈ નીતિવિષયક ભૂમિકા ન હોવાથી કુદરતી સંપત્તિનો દુર્વ્યય થાય છે.
- ગ્રાહકોની બજાર વિશેની અજ્ઞાનતાને કારણે તેમનું શોષણ થાય છે.
- સંપત્તિ અને આવકનું કેન્દ્રીકરણ થવાથી આવકની અસમાનતામાં વધારો થાય છે.
- ઈજારાશાહી, આર્થિક અસ્થિરતા, મજૂરોનું શોષણ વગેરેનો ભય રહે છે.

### (4) મિશ્ર અર્થતંત્રમાં સાધનોની ફાળવણીની ચર્ચા કરો.

- મિશ્ર અર્થતંત્રમાં સાધનોની ફાળવણી નીચે પ્રમાણે છે:
- મિશ્ર અર્થતંત્રમાં જાહેર અને ખાનગી ક્ષેત્રનું સહઅસ્તિત્વ હોય છે.
- તેથી પાયાની સવલતો, આંતરમાળખાનું નિર્માણ, ઔદ્યોગિક વિકાસ વગેરેની જવાબદારી જાહેર ક્ષેત્રને સોંપવામાં આવે છે.
- આ પદ્ધતિમાં ખાનગી વિભાગમાં ખેતી, વ્યાપાર, નાનાં વપરાશી માલના ઉદ્યોગો વગેરેની માલિકી વ્યક્તિગત કે ખાનગી હોય છે.
- ભારે ઉદ્યોગો; સંરક્ષણ સામગ્રીનાં કારખાનાં, રેલવે, વીજળી, રસ્તાઓ, સિંચાઈ વગેરે પાયાનાં ચાવીરૂપ ક્ષેત્રોની માલિકી રાજ્યની હોય છે.
- આ પદ્ધતિમાં બજારો સંપૂર્ણ સ્વતંત્ર હોતાં નથી. સરકાર દ્વારા જુદી જુદી રીતે અંકુશો મૂકાતા હોય છે.
- આર્થિક નિર્ણયોની પ્રક્રિયામાં આર્થિક આયોજનને મુખ્ય સ્થાન આપવામાં આવે છે.
- આ પદ્ધતિમાં અંકુશો કે નિયંત્રણો હોવાથી તેને નિયંત્રિત આર્થિક પદ્ધતિ પણ કહે છે.
- ભારત, ફ્રાંસ વગેરે દેશોમાં મિશ્ર અર્થતંત્ર જોવા મળે છે.

## પ્રશ્ન 2: નીચેના પ્રશ્નોના ઉત્તર મુદ્દાસર લખો:

### 1) ઉત્પાદનના સાધન તરીકે જમીન.

- સામાન્ય અર્થમાં જમીનને આપણે પૃથ્વીની સપાટીના ઉપલા પડ તરીક ઓળખીએ છીએ.
- અર્થશાસ્ત્રની પરિભાષામાં જમીન એટલે તમામ પ્રકારની કુદરતી સંપત્તિ કે જેમાં પૃથ્વીની સપાટી પર આવેલાં જંગલો, નદીઓ, પર્વતો, પૃથ્વીના પેટાળમાં આવેલા ખનીજો વગેરેનો સમાવેશ થાય છે.
- જમીન એ ઉત્પાદનનું કુદરતી સાધન છે.

### 2) સમાજવાદી પદ્ધતિઓની ખામીઓ.

- સમાજવાદી પદ્ધતિની ખામીઓ નીચે મુજબ છે:
- સમાજવાદી પદ્ધતિમાં ઉત્પાદનમાં સાધનોની માલિકી રાજ્યની હોવાથી ઉત્પાદન વધારવા માટે પ્રોત્સાહન મળતું નથી.
- સ્પર્ધા કે હરિફાઈના અભાવના કારણે અર્થતંત્રમાં સંશોધનને વેગ મળતો નથી.
- આ પદ્ધતિમાં વ્યક્તિગત સ્વાતંત્ર્ય જળવાતું નથી.
- રાજ્યના સંપૂર્ણ હસ્તક્ષેપના કારણે અમલદારશાહીનો ભય ઊભો થાય છે.

### 3) આર્થિક વૃદ્ધિ અને આર્થિક વિકાસ વચ્ચેનો તફાવત ચર્ચો.

- આર્થિક વૃદ્ધિ અને આર્થિક વિકાસ વચ્ચેનો મુખ્ય તફાવત નીચે મુજબ છે:

| આર્થિક વૃદ્ધિ | આર્થિક વિકાસ |
|---|---|
| ❖ વિકાસની પ્રક્રિયાના આધારે તફાવત: | |
| (1) આર્થિક વૃદ્ધિ એ પરિમાણાત્મક છે.<br>(2) આર્થિક વૃદ્ધિ એ આર્થિક વિકાસ પછીની અવસ્થા છે. | (1) આર્થિક વિકાસ એ ગુણાત્મક છે.<br>(2) આર્થિક વિકાસ એ પ્રથમ અવસ્થા છે. એટલે કે આર્થિક વૃદ્ધિ એ આર્થિક વિકાસનું પરિણામ છે. |
| ❖ અર્થતંત્રમાં થતાં પરિવર્તનને આધારે તફાવત: | |
| • ખેડાણલાયક જમીનમાં વધારો થવાથી ખેત-ઉત્પાદનમાં થતો વધારો એ આર્થિક વૃદ્ધિ છે. | • અર્થતંત્રમાં થતાં નવાં સંશોધનોના આધારે ઉત્પાદનમાં થતો વધારો એ આર્થિક વિકાસ છે. દા.ત. ખેતી ક્ષેત્રમાં ઘઉં, ડાંગર જેવા પાકોનાં નવાં બિયારણોની શોધ થતાં ઉત્પાદનમાં થતો અનેકગણો વધારો થયો. |
| ❖ વિકસિત અને વિકાસશીલ દેશોના સંદર્ભમાં તફાવત: | |
| • વિકસિત દેશોની આવકમાં થતો વધારો આર્થિક વૃદ્ધિ કહેવાય. | • વિકાશશીલ દેશોની આવકમાં થતો વધારો આર્થિક વિકાસ કહેવાય. |

### 4) પ્રાથમિક ક્ષેત્ર વિશે નોંધ લખો.

- ભારતીય અર્થતંત્રના પ્રાથમિક ક્ષેત્રમાં ખેતી અને ખેતી સાથે સંકળાયેલ પશુપાલન અને પશુસંવર્ધન જેવી પ્રવૃત્તિઓ, મરઘાં-બતકાં ઉછેર, જંગલો, કાચી ધાતુઓનું ખોદકામ વગેરે પ્રવૃત્તિઓનો સમાવેશ થાય છે.
- સામાન્ય રીતે વિકાસશીલ દેશોમાં પ્રાથમિક ક્ષેત્રનું પ્રભુત્વ હોય છે.
- રોજગારી અને રાષ્ટ્રીય આવકમાં પ્રાથમિક ક્ષેત્રનો હિસ્સો સૌથી વધારે હોય છે.
- પરંતુ જેમ જેમ દેશનો આર્થિક વિકાસ થતો જાય છે. તેમ તેમ માધ્યમિક ક્ષેત્ર અને સેવાક્ષેત્રની સાપેક્ષતામાં પ્રથમિક ક્ષેત્રનું મહત્વ ઓછું થતું જાય છે.
- પ્રાથમિક ક્ષેત્રની તુલનામાં માધ્યમિક અને સેવાક્ષેત્રનો વ્યાપ વધતો જાય છે.

### 5) તફાવત સ્પષ્ટ કરો: આર્થિક પ્રવૃત્તિ અને બિનઆર્થિક પ્રવૃત્તિ

| | આર્થિક પ્રવૃત્તિ | બિનઆર્થિક પ્રવૃત્તિ |
|---|---|---|
| 1 | ચીજવસ્તુઓ કે સેવાઓના વિનિમય દ્વારા આવક મેળવવાની કે ખર્ચવાની પ્રવૃત્તિ આર્થિક પ્રવૃત્તિ કહેવાય છે. દા.ત., ખેડુત, કારીગર, વેપારી, શિક્ષક, વકીલ, ડોક્ટર, ઈજનેર વગેરેની પ્રવૃત્તિ આર્થિક પ્રવૃત્તિ કહેવાય છે. | જે પ્રવૃત્તિનો હેતું આવક મેળવવાનો કે પ્રત્યક્ષ બદલો મેળવવાનો હેતો નથી તે પ્રવૃત્તિ બિનાઅર્થિક પ્રવૃત્તિ કહેવાય છે. દા.ત., ડોક્ટર ફી લીધા વિના ગરીબ દર્દીઓની સેવા કરે, માતા બાળકને ઉછેરે, વ્યક્તિ સમાજસેવાનાં કામો કરે. |
| 2 | તેઓ આવક મેળવીને અથવા ખર્ચ કરીને જુદી જુદી વતુઓ અને સેવાઓ મેળવે છે. | તેઓ કોઈ પણ સ્વરૂપના બદલાની અપેક્ષા વિના કામ કરતા હોવાથી તેમની પ્રવૃત્તિઓ કરતા તેમની પ્રવૃત્તિઓ બિનાઅર્થિક પ્રવૃત્તિઓ કહેવાય છે. |

## પ્રશ્ન 3: નીચેના પ્રશ્નોના ઉત્તર ટૂંકમાં લખો :

### (1) આર્થિક વિકાસ એટલે શું?

- આર્થિક વિકાસ એટલે
  → દેશની રાષ્ટ્રીય આવકમાં સતત વધારો થવો
  → દેશની માથાદીઠ આવકમાં વધારો થવો છે
  → લોકોના જીવનધોરણમાં સુધારો થવો

### (2) ઉત્પાદનનાં મુખ્ય સાધનો કયાં છે? જણાવો.

- ઉત્પાદનનાં મુખ્ય સાધનો નીચે મુજબ છે:
  (1) જમીન
  (2) શ્રમ
  (3) મૂડી
  (4) નિયોજન

### (3) આર્થિક પ્રવૃત્તિનો અર્થ જણાવો.

- ચીજવસ્તુઓ કે સેવાઓના વિનિમય દ્વારા આવક મેળવવાની કે ખર્ચવાની પ્રવૃત્તિને આર્થિક પ્રવૃત્તિ કહે છે. દા.ત. ખેડૂત, કારીગર, વેપારી, શિક્ષક, ડૉક્ટર, વકીલ, ઈજનેર વગેરેની પ્રવૃત્તિને આર્થિક પ્રવૃત્તિ કહેવાય.

### (4) ભારતે કઈ આર્થિક પદ્ધતિ અપનાવી છે?

- ભારતે મિશ્ર અર્થતંત્રની આર્થિક પદ્ધતિ અપનાવી છે.

### (5) સાધનોનો વૈકલ્પિક ઉપયોગ એટલે શું?

- ઉત્પાદનનું કોઈ સાધન એક કરતાં વધુ ઉપયોગમાં આવતું હોય, તો તે સાધન અનેક ઉપયોગો ધરાવે છે. આ સાધનનો એક સમયે એક જ ઉપયોગ થઈ શકે છે. તેથી ઉપયોગ વૈકલ્પિક છે એમ કહેવાય. જેમ કે, જમીનનાં ઘઉંનો પાક વાવીએ તો બાજરી, મગફળી, મકાઈ કે અન્ય પાકો લઈ શકતા નથી. જમીનના અન્ય ઉપયોગ જતા કરવા પડે છે.

## પ્રશ્ન 4: નીચેના પ્રશ્નોના ઉત્તરો આપેલા વિકલ્પોમાંથી સાચો વિકલ્પ પસંદ કરી આપો:

### (1) આર્થિક રીતે ભારત કેવો દેશ છે?

**(A)** વિકસિત
**(B)** પછાત
**(C)** વિકાસશીલ
**(D)** ગરીબ

**(2) વિશ્વબેંકના 2004ના અહેવાલ મુજબ માથાદીઠ આવક કેટલા ડોલરથી ઓછી હોય તો તે વિકાસશીલ દેશ કહેવાય?**

(A) 480 $

(B) 520 $

(C) 735 $

(D) 250 $

**(3) કઈ પદ્ધતિને મુક્ત અર્થતંત્ર કહે છે?**

(A) સમાજવાદી પદ્ધતિ

(B) મિશ્ર અર્થતંત્ર

(C) બજાર પદ્ધતિ

(D) એક પણ નહિ

**(4) પશુપાલન વ્યવસાયનો સમાવેશ અર્થતંત્રના કયા વિભાગમાં કરવામાં આવે છે?**

(A) માધ્યમિક

(B) પ્રાથમિક

(C) સેવા ક્ષેત્ર

(D) આપેલ ત્રણેય